# રાજ્યનું તાપમાન 4 ડિગ્રી સુધી ઘટ્યું

**વાદળછાયા** વાતાવરણથી ગરમીમાં રાહત

**1થી 3** જૂન દરમિયાન અનેક જિલ્લાઓમાં વરસાદી ઓરેન્જ એલર્ટ

અમદાવાદ,તા.30. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી જોવા મળતી આકરી ગરમી વચ્ચે હવે રાહતના સંકેતો મળ્યા છે. રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણના કારણે મહત્તમ તાપમાનમાં અંદાજે 4 ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ દરમિયાન તાપમાનમાં વધુ 3થી 5 ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે.

શનિવારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ ઘટ્યું હતું. અમદાવાદ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું, જ્યારે ભાવનગર પણ 43 ડિગ્રી સાથે રાજ્યના સૌથી ગરમ શહેરોમાં રહ્યું હતું. રાજકોટમાં 40 ડિગ્રી, વડોદરામાં 40 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 41 ડિગ્રી અને અમરેલીમાં 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બીજી તરફ દક્ષિણ ગુજરાત અને દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન પ્રમાણમાં ઓછું રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ-દમણ વિસ્તારમાં હવામાન સૂકું રહ્યું હતું. ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. અમદાવાદ માટે આગામી 24 કલાકની આગાહીમાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. શહેરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે.

આ તરફ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વધુ આગળ વધ્યું છે. ચોમાસું અરબી સમુદ્રના દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ ભાગો, લક્ષદ્વીપ વિસ્તાર, કોમોરિન ક્ષેત્ર તેમજ બંગાળની ખાડીના વધુ વિસ્તારો સુધી પહોંચી ગયું છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન કેરળ અને તમિલનાડુ સહિતના વિસ્તારોમાં ચોમાસાની વધુ પ્રગતિ માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

રાજ્યમાં 31 મે થી 6 જૂન દરમિયાન અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની આગાહી કરવામાં આવી છે. 1 અને 2 જૂનના રોજ ઉત્તર ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. જ્યારે 3 જૂને દક્ષિણ ગુજરાતમાં વરસાદની પ્રવૃત્તિ વધુ સક્રિય બનવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે 1 થી 3 જૂન દરમિયાન કેટલાક જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર, બનાસકાંઠા, મહેસાણા, પંચમહાલ, વડોદરા અને નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ પણ પડી શકે છે. હવામાન વિભાગે ખેડૂતો, માછીમારો અને નાગરિકોને આગામી દિવસોમાં બદલાતા હવામાનને ધ્યાનમાં રાખી જરૂરી સાવચેતી રાખવાની અપીલ કરી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહ માટે જાહેર કરવામાં આવેલા વરસાદી એલર્ટની વિગતવાર માહિતી નીચે મુજબ છે

**31 મે (રવિવાર):** ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, તાપી ઉપરાંત દમણ, દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના ગીર સોમનાથ, કચ્છ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ કે ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

**1 જૂન:** વરસાદનો વ્યાપ વધશે. ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓ (બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર) માં થોડા સ્થળોએ અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

**2 જૂન:** આ દિવસે ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં 'ઘણા સ્થળોએ' (મોટા ભાગના વિસ્તારોમાં) વરસાદી માહોલ જામશે. જ્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં થોડા સ્થળોએ અને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

**3 જૂન:** ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં થોડા સ્થળોએ, જ્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં 'ઘણા સ્થળોએ' મધ્યમથી ભારે વરસાદી ઝાપટાં પડી શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ ચાલુ રહેશે.

**4 જૂન થી 6 જૂન:** આ દિવસો દરમિયાન પણ પ્રિ-મોન્સૂન એક્ટિવિટી ચાલુ રહેશે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ કે થંડરસ્ટોર્મ થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# IPL ફાઈનલની ટિકિટો કાળાબજારમાં વેચતા 5 ગઠિયા ઝડપાયા

**3,૫૦૦ની** કિંમતની ટિકિટ ૧૦,૦૦૦ અને ૧૫,૦૦૦માં વેચાતી હતી

અમદાવાદ : અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલા મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલે ૩૧મી મેના રોજ યોજાનારી IPL 2026ની ફાઈનલ મેચ પહેલાં ટિકિટોનું કાળાબજાર કરતાં બે અલગ-અલગ નેટવર્કનો પર્દાફાશ થયો છે. જેમાં શહેરની ચાંદખેડા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે જુદા-જુદા વિસ્તારોમાં દરોડા પાડીને કુલ ૫ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી ફાઈનલ મેચની ટિકિટો તેમજ સ્માર્ટફોન જપ્ત કર્યા છે.

આ અંગ મળતી માહિતી મુજબ શહેના ચાંદખેડા પોલીસની સર્વેલન્સ ટીમને ૨૯મી મેના રોજ ચોક્કસ બાતમી મળી હતી કે ન્યૂ CG રોડ પર કેટલાક ઈસમો ક્રિકેટ રસિકોને આઈપીએલ ફાઈનલની ટિકિટો કાળાબજારમાં વેચી રહ્યા છે, જેના આધારે દરોડો પાડી ત્યાંથી મૂળ રાજસ્થાનના અને હાલ અમદાવાદમાં રહેતા ૨૧ વર્ષીય ઈશાન ભટ્ટ અને ૨૧ વર્ષીય નિર્મલકુમારની ધરપકડ કરી તેમની પાસેથી IPL ફાઈનલની બે ટિકિટ જપ્ત કરી હતી.

આ ટીકીટોની સત્તાવાર કિંમત ૩,૫૦૦ રૂપિયા હતી, પરંતુ તેઓ ગ્રાહકો પાસેથી પ્રતિ ટિકિટ ૧૫,૦૦૦ રૂપિયા એટલે કે મૂળ કિંમત કરતાં ચાર ગણી વધુ રકમ વસૂલી રહ્યા હોવાનું ખુલ્યું હતું.

પોલીસ તપાસમાં હકીકત જાણવા મળી હતી કે આ ટિકિટો તેમને બાપુનગરની એક હોટલમાં રોકાયેલા ઋષભચંદ્ર દર્લેશા જૈન નામના યુવકે આપી હતી, જેથી પોલીસે દરોડો પાડી તેને પણ ઝડપી પાડ્યો હતો. આરોપી ઋષભે કબૂલાત કરી હતી કે તેણે ઓનલાઈન મૂળ કિંમતે ટિકિટો ખરીદી હતી અને આ બંને યુવકોને ઊંચા ભાવે વેચવા આપીને બદલામાં મોટું કમિશન આપવાનું વચન આપ્યું હતું.


બીજી તરફ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને પણ બાતમી મળી હતી કે સિંધુ ભવન રોડ પરથી બે શખ્સો ટિકિટોનું બ્લેક માર્કેટિંગ કરી રહ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે આ સ્થળે દરોડો પાડીને બોડકદેવના ૧૯ વર્ષીય માન પટેલ અને ગોમતીપુરના સફીક ઉર્ફે બન્ની મોહમ્મદ અયુબ અંસારીને રંગેહાથ ઝડપી લીધા હતા.

પોલીસે આ આરોપીઓ પાસેથી સ્ટેડિયમના બ્લોક Fની ૩,૫૦૦ રૂપિયાની સત્તાવાર કિંમત ધરાવતી કુલ ૪ ટિકિટો જપ્ત કરી હતી, જે તેઓ ક્રિકેટ ચાહકોને ત્રણ ગણા ભાવે એટલે કે ૧૦,૦૦૦ રૂપિયામાં વેચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ આરોપીઓએ પણ અગાઉથી જ ઓનલાઈન ટિકિટો બુક કરાવી લીધી હોવાની કબૂલાત કરી છે.

## કીડનીની બીમારીથી કંટાળી યુવકે જીવન ટૂંકાવ્યું

સુરતઃ અલથાણ વિસ્તારમાં આવેલા સુધર્મ એસએમસી આવાસમાં રહેતા એક યુવકે લાંબા સમયથી ચાલતી કીડનીની બીમારીથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના બુઢાણા ગામના વતની અને હાલ અલથાણ ખાતે પરિવાર સાથે રહેતા ૩૪ વર્ષીય શેષરાવ શ્રાવણ ધુરંદર ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક પુત્રી છે. છેલ્લા એક વર્ષથી તેઓ કીડનીની ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા અને સારવાર લઈ રહ્યા હતા. બીમારીથી માનસિક રીતે પરેશાન રહેતા શેષરાવે ગત ૨૫મીની સાંજે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનોને જાણ થતાં તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે બપોરે તેમનું મોત થયું હતું. આ બનાવ અંગે અલથાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# CBSE ની નવી ઓન સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ લાખો વિદ્યાર્થીઓને પરેશાન કરી રહી છે



સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) ની નવી ઓન સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમ પર વિદ્યાર્થીઓ, વાલીઓ અને વિરોધ પક્ષો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે પરીક્ષા પ્રક્રિયાને સચોટ અને ઝડપી બનાવવા માટે આ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે, પરંતુ હવે આ બાબત પણ માથાના દુખાવા જેવી બની ગઈ છે. ધોરણ ૧૨ નાં ઘણાં વિદ્યાર્થીઓ ઝાંખી ઉત્તરવહીઓ, પોર્ટલ ક્રેશ અને ઉત્તરવહીઓ બદલાઈ જવાની ફરિયાદ કરી રહ્યાં છે. આ મુદ્દો એ હદે વધી ગયો છે કે CBSE ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા આપનારા દરેક ચારમાંથી એક વિદ્યાર્થીએ તેમની ચેક કરેલી ઉત્તરવહીની સ્કેન કરેલી નકલ માંગી છે. પરીક્ષા આપનારાં ૧૭ લાખ ૬૮ હજાર ૯૬૮ વિદ્યાર્થીઓમાંથી ૪ લાખ ૪ હજાર ૩૧૯ વિદ્યાર્થીઓએ સ્કેન કોપી માટે અરજી કરી હતી, જે કુલ પરીક્ષાના લગભગ ૨૩ ટકા છે. જૂની પ્રથા એવી હતી કે પરીક્ષા પછી વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું બંડલ બનાવીને શિક્ષકોને મોકલવામાં આવતું હતું. શિક્ષકો તેને હાથમાં લેતાં હતાં, લાલ પેનથી તપાસતાં, ગુણ ઉમેરતાં અને સહી કરતાં હતાં.

હવે CBSE એ એક નવી પદ્ધતિ અપનાવી છે. પહેલાં બધી ઉત્તરવહીઓ સ્કેન કરવામાં આવે છે અથવા તેના ડિજિટલ ફોટોગ્રાફ્સ લેવામાં આવે છે. આ ફોટોગ્રાફ્સ પછી સિસ્ટમ પર અપલોડ કરવામાં આવે છે. મૂળ નકલને બદલે શિક્ષકો હવે કમ્પ્યુટર સ્ક્રીન પર ઉત્તરવહીઓ જોઈને ગુણ આપે છે, જેમ આપણે ફોન પર કોઈ દસ્તાવેજની PDF વાંચીએ છીએ. દરમિયાન, વેદાંત શ્રીવાસ્તવ નામના એક વિદ્યાર્થીએ સોશ્યલ મીડિયા પર દાવો કર્યો કે બોર્ડે તેને એક વિષય માટે ખોટી ઉત્તરવહી મોકલી છે.જ્યારે તેને બીજા દેશનો હોવાનું કહીને ટ્રોલ કરવામાં આવ્યો ત્યારે મામલો વધુ વકર્યો. CBSE એ વેદાંતના કેસમાં સમસ્યાનું નિરાકરણ લાવ્યું, પરંતુ નવી આકારણી પ્રણાલી વિશે પ્રશ્નો ઊભા થતા રહ્યા છે. આ અંગે CBSE એ તકનીકી ખામીઓનો સ્વીકાર કર્યો છે અને કહ્યું છે કે કોઈ પણ સંભવિત સમસ્યાની નિષ્ણાતો દ્વારા તપાસ કરાવવામાં આવશે.

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

વેદાંત શ્રીવાસ્તવનો મોટો ભાઈ સિદ્ધાંત કહે છે કે જ્યારે માર્ક્સ ઓછા હતા, ત્યારે અમે મારા ભાઈની ઉત્તરવહીની સ્કેન કરેલી નકલ માંગી. ધ્યાનથી જોયા પછી અમને ખ્યાલ આવ્યો કે હસ્તાક્ષર વેદાંતના નહોતા. પછી અમે સોશ્યલ મીડિયાની મદદ લીધી. ત્યારથી અમને ઘણાં વિદ્યાર્થીઓના ઇમેઇલ મળી રહ્યા છે, જેમને શંકા છે કે તેમનાં પેપર્સ બદલાઈ ગયાં છે. આ એક મહત્ત્વપૂર્ણ સમય છે. વિદ્યાર્થીઓ હાલમાં કોલેજ પ્રવેશ કે અન્ય પરીક્ષાઓની તૈયારી કરી રહ્યાં છે. તેઓ ચિંતિત છે કે તેમના માર્ક્સ સાચા છે કે નહીં. તેઓ સતત સ્કેન કરેલી નકલો અને પુનઃમૂલ્યાંકનની વિનંતી કરી રહ્યા છે. શું NEET સહિત પરીક્ષાઓમાં પેપર લીક અને વિવિધ અનિયમિતતાના આરોપોએ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનો આત્મવિશ્વાસ નબળો પાડ્યો છે?

CBSE એ દાવો કર્યો હતો કે OSM સિસ્ટમ પરીક્ષણ પ્રક્રિયાને ઝડપી અને વધુ સચોટ બનાવશે અને મેન્યુઅલ ભૂલો પણ ઘટાડશે, પરંતુ આ દાવા પર હવે પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે. OSM સિસ્ટમ દ્વારા નકલો તપાસનારાં પરીક્ષકોની તાલીમ પર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. સીબીએસઈ સંલગ્ન શાળાના એક શિક્ષકે જણાવ્યું કે પહેલાં શિક્ષકો ઓફલાઇન પણ ભૂલો કરતા હતા. ક્યારેક સરવાળામાં ગુણ ચૂકી જતા હતા અને ક્યારેક સાચા જવાબો ખોટા ચિહ્નિત થતા હતા. આ બધાંને ટાળવા માટે ઓન-સ્ક્રીન ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો. પરીક્ષાઓ ઓફલાઇન લેવામાં આવી રહી છે અને પરીક્ષણ ઓનલાઇન થઈ રહ્યું છે. પરીક્ષકોને આ પ્રક્રિયા માટે વ્યાપક તાલીમ મળવી જોઈતી હતી, પરંતુ બોર્ડે ધાર્યું હતું કે શિક્ષકો પહેલાંથી જ ટેકનોલોજી સમજી ગયા હશે. ખૂબ જ ઉપરછલ્લી તાલીમ પછી સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી. કેટલાંક શિક્ષકો ઓનલાઈન ટેકનોલોજીમાં નિષ્ણાત છે જ્યારે કેટલાકને હજુ વધુ તાલીમની જરૂર છે. હાલમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને વિકલ્પો લગભગ એક વર્ષ સુધી એકસાથે ચલાવવા જોઈએ અને વિદ્યાર્થીઓને પસંદગીની સ્વતંત્રતા આપવી જોઈએ. જ્યાં સુધી શિક્ષકો આ ટેકનોલોજી વિશે સંપૂર્ણપણે પરિપક્વ ન થાય ત્યાં સુધી સંપૂર્ણપણે ઓનલાઈન સિસ્ટમ તરફ ન જવું જોઈએ.

૧૨મા બોર્ડની નકલો તપાસવા માટે OSM સિસ્ટમનો કોન્ટ્રાક્ટ હૈદરાબાદ સ્થિત કંપની કોએમ્પ્ટ એજ્યુટેકને આપવામાં આવ્યો હતો. આ અંગે વિપક્ષના નેતા રાહુલ ગાંધી આરોપ લગાવી રહ્યા છે કે કંપની પહેલાં તેલંગાણામાં અલગ નામે કામ કરતી હતી. તેમનો આરોપ છે કે આ કંપનીનું નામ ૨૦૧૯ અને ૨૦૨૩નાં વર્ષોમાં બોર્ડ પરીક્ષાઓ સંબંધિત ગોટાળામાં હોવાનું બહાર આવ્યું છે. મામલો વધુ વકરતાં CBSE એ એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું જેમાં કહેવામાં આવ્યું હતું કે એજન્સીને કોન્ટ્રાક્ટ આપતી વખતે તમામ નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું.

દિલ્હીમાં રહેતી ૧૨મા ધોરણની વિદ્યાર્થિની ધૃતિ અગ્રવાલે કહ્યું કે ૧૧મા ધોરણમાં મેં અર્થશાસ્ત્રમાં આખી શાળામાં ટોપ કર્યું હતું. મેં પ્રિ-બોર્ડમાં પણ ખૂબ ઊંચા ગુણ મેળવ્યા હતા, પરંતુ બોર્ડની પરીક્ષામાં ઓછા ગુણ મેળવ્યા હતા. જ્યારે મેં સ્કેન કરેલી કોપી માંગી, ત્યારે મને ખબર પડી કે બહુવિધ પસંદગીના પ્રશ્નો ઉપરાંત દરેક સાચા પ્રશ્ન માટે અડધા ગુણ કાપવામાં આવ્યા છે. આનાથી મોટો ફરક પડી રહ્યો છે. કટ-ઓફમાં તે ઘણો મહત્ત્વનો રહેશે. જો મને હમણાં આ નંબર જોઈએ તો મારે દરેક પ્રશ્ન માટે ૨૫ રૂપિયા જમા કરાવવા પડશે. CBSE એ દરેક પ્રશ્નના જવાબના પુનઃમૂલ્યાંકન માટે લેવામાં આવતી ફી સો રૂપિયાથી ઘટાડીને ૨૫ રૂપિયા કરી દીધી છે.

CBSE એ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પરિણામ જાહેર કરતાં પહેલાં તેણે લગભગ ૧૩ હજાર નકલો મેન્યુઅલી તપાસી હતી કારણ કે સ્કેનિંગ અને રિસ્કેનિંગ દરમિયાન આ નકલો અસ્પષ્ટ જોવા મળી હતી અને તેમને ડિજિટલી તપાસવી પૂરતી નહોતી. અરજદાર વિદ્યાર્થીઓને CBSE તરફથી મળતી સ્કેન કરેલી ઉત્તરવહીની નકલો પણ મોટી સંખ્યામાં ઝાંખી દેખાવાની સમસ્યાનો સામનો કરી રહી છે. આવી સ્થિતિમાં શું વધુ નકલો મેન્યુઅલી તપાસવી ન જોઈતી હતી? વિદ્યાર્થીઓએ ચિંતા વ્યક્ત કરી કે તેમની સ્કેન કરેલી ઉત્તરવહીઓનાં ઘણાં પાનાં ઝાંખા પડી ગયાં હતાં. તો, તેઓ તેમના જવાબોના પુનઃમૂલ્યાંકન માટે કેવી રીતે અરજી કરી શકે?

ઘણાં વિદ્યાર્થીઓ ચિંતિત છે કે તેમની નકલોની પુનઃ ચકાસણી પણ ફક્ત OSM દ્વારા જ કરવી પડશે, જેથી તેમને ફરીથી એ જ સમસ્યાનો સામનો ન કરવો પડે જેનો તેઓ પહેલાં સામનો કરી ચૂક્યા હતા. આ વિદ્યાર્થીઓ કહે છે કે નવી સિસ્ટમને કારણે ૧૨મા ધોરણ પછી સારી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માંગતાં વિદ્યાર્થીઓ એક કે બે ગુણથી કટ-ઓફ ચૂકી શકે છે. આનો અર્થ એ થયો કે નાના તફાવતો પણ તેમના ભવિષ્યને અસર કરી શકે છે. જો મેન્યુઅલ પરીક્ષણ હજુ પણ માન્ય છે તો નવું મૂલ્યાંકન શા માટે લાગુ કરવામાં આવ્યું તે અંગે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

હકીકતમાં, ટેકનિકલ ખામીઓનાં તાંતણાં વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સીધાં જોડાયેલાં છે. સ્કેન કરેલી નકલો મળ્યા પછી પુનઃમૂલ્યાંકન હાથ ધરવામાં આવશે અને તે પછી જ સાચી પરિસ્થિતિ જાણી શકાશે. આમાં સમય લાગી શકે છે, કારણ કે ઘણી કોલેજોમાં કાઉન્સેલિંગ શરૂ થવાનું છે. આ વિશે વાત કરતાં ધોરણ ૧૨ ની વિદ્યાર્થિની સ્તુતિ રાવ કહે છે કે મેં ૨૨ મે ના રોજ એક વિષયની સ્કેન કોપી માટે અરજી કરી હતી. શરૂઆતમાં વેબસાઇટ ખુલતી ન હતી. જ્યારે મોડી રાત્રે વેબસાઇટ ખૂલી ત્યારે મેં તેની નકલ માટે અરજી કરી, પરંતુ આજ સુધી મને તે મળી નથી. OSM પ્રક્રિયા વિવાદમાં ફસાયેલી છે. ઘણાં વિદ્યાર્થીઓ કાનૂની ઉપાયો પણ શોધી રહ્યાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**પરીક્ષા આપનારા ૧૭ લાખ ૬૮ હજાર ૯૬૮ વિદ્યાર્થીઓમાંથી ૪ લાખ ૪ હજાર ૩૧૯ વિદ્યાર્થીઓએ સ્કેન કોપી માટે અરજી કરી હતી, જે કુલ પરીક્ષાના લગભગ ૨૩ ટકા છે**

## BUSINESS મિત્ર

# યુદ્ધ સમાપ્ત થયા બાદ જ શેરબજારમાં મોટી તેજી જોવા મળશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30

બકરી ઈદના કારણે જાહેર રજાના કારણે સપ્તાહના ટુંકા સત્રમાં ભારતીય શેરબજાર વધુ એક સપ્તાહમાં વૈશ્વિક અસ્થિરતા હાવી રહી હતી. જેમાં વિદેશી ભંડોળના સતત આઉટફલો અને હેવીવેઈટ શેરોમાં નફાવસુલીનું દબાણ બજારને વધુ નીચેની તરફ ખેંચતું જોવા મળ્યું હતું. જોકે, બ્રોડર માર્કેટમાં સુધારો આગળ વધ્યો હતો.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો અંગે અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારો સાવચેત રહ્યા હતા. અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ વિરામની સમય મર્યાદા લંબાવી રહી છે, તે અહેવાલોના પગલે ભારતીય શેરબજારમાં સુધારો રહ્યો હતો, પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચેના સમાધાન લાંબો ચાલતો ન હોવાથી રોકાણકારો હજુય વિશ્વાસ રહ્યો નથી, તેવી જ રીતે એફઆઈઆઈએ પણ વેચવાલી અટકાવી નથી, જેથી સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ રહ્યા હતા. બીએસઈ સેન્સેક્સ 639.61 પોઈન્ટ એટલે કે 0.84 ટકા ઘટીને 74775.74 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 171.55 પોઈન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 23547.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ બીજા સપ્તાહમાં વિજયન સીલસીલો જારી રાખ્યો હતો અને આ સમયગાળા દરમ્યાન 0.5 ટકાના વધારા સાથે નવા રેકોર્ડ પર બંધ રહ્યો હતો. આ ઈન્ડેક્સમાં ટોચના પર્ફોર્મર્સમાં અદાણી ટોટલ ગેસ, એક્ઝાઈડ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એસેટ મેનેજમેન્ટ કંપની, હિટાચી એનર્જી ઈન્ડિયા, જેએસડબ્લ્યુ એનર્જી અને પ્રીમિયર એનર્જીનો સમાવેશ થાય છે. જ્યારે એમસીએક્સ, રેલ વિકાસ નિગમ, સીસીઆઈ, ભારત ડાયનેમિક્સ, એફએસએન ઈ-કોમર્સ વેન્ચર્સ અને પીબી ફિનટેક મિડકેપ્સ સૌથી વધુ નુકસાન પામ્યા હતા.

નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ સતત બીજા સપ્તાહમાં વધારો જોવા મળ્યો હતો અને આ અઠવાડિયે તેમાં એક ટકાનો વધારો થયો હતો. વોકહાર્ટ, નેટવેબ ટેક્નોલોજીસ ઈન્ડિયા, ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આઈએફસીઆઈમાં 12થી 28 ટકાનો વધારો જોવા મળ્યો હતો. બીજી તરફ ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપની, નેટકો ફાર્મા, જ્યોતિ સીએનસી ઓટોમેશન, શારદા એનર્જી એન્ડ મિનરલ્સ, મીશો, જેએસડબ્લ્યુ સિમેન્ટ અને બીઈએમએલ 6થી 15 ટકા ઘટ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.00 રૂ. |
| યુરો | 110.46 રૂ. |
| પાઉન્ડ | 128.37 રૂ. |
| યેન | 0.5965 રૂ. |

ગયા સપ્તાહ દરમિયાન સેક્ટરલ ઈન્ડેક્સ મિશ્ર બંધ થયા હતા. બીએસઈ ટેલિકોમ્યુનિકેશન્સ, પાવર, કેપિટલ ગુડ્સ અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 2થી 3 ટકાના ઉછાળા સાથે ટોપ ગેઈનર રહ્યા હતા. બીએસઈ ઓટો અને રિયલ્ટી ઈન્ડેક્સમાં લગભગ એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બીજી તરફ બીએસઈ એફએમસીજી, ઓઈલ એન્ડ ગેસ, એનર્જી અને હેલ્થકેર ઈન્ડેક્સમાં 1થી 1.5 ટકાનો ઘટાડો થયો છે.

બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આ સપ્તાહ દરમ્યાન બે લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. લાર્સન એન્ડ ટુબ્રોએ બજાર મૂલ્યમાં વધારામાં સૌથી વધુ યોગદાન આપ્યું છે, ત્યારબાદ એસબીઆઈ, ઈટર્નલ અને ટેક મહિન્દ્રાનો ક્રમ આવે છે. બીજી તરફ, રિલાયન્સ, એચડીએફસી બેંક અને ભારતી એરટેલના માર્કેટ કેપિટલાઈઝેશનમાં આ જ સમયગાળા દરમિયાન ઘટાડો જોવા મળ્યો હતો.

આ અઠવાડિયે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ 25803.45 કરોડ રૂપિયાની ઈક્વિટી ખરીદીને તેમની ખરીદીની ગતિ જાળવી રાખી હતી. દરમિયાન, વિદેશી સંસ્થાકીય રોકાણકારો 23734.68 કરોડ રૂપિયાની ઈક્વિટીનું વેચાણ કરીને ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા. ભારતીય રૂપિયો સતત બીજા સપ્તાહે પણ તેજીનો ઉછાળો ચાલુ રાખ્યો હતો અને અમેરિકન ડોલર સામે 70 પૈસા વધીને 95.00 પર બંધ રહ્યો હતો.

# ITC મેળવવા વેચનારે વેરો ચૂકવ્યો હોવાની કલમ 16(2)(સી)ની શરત... બંધારણીય કાયદેસરની છે

## નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**

ઈશ્વર રૂદલાલ

GST કાયદામાં સપ્લાયરે સરકારી તિજોરીમાં વેરો જમા ન કરાવેલ હોય તો કલમ 16(2)(સી)ની શરતનું પાલન ન થતું હોવાના કારણસર ITC નામંજૂર કરવામાં આવે છે ત્યારે અમુક કરદાતા દ્વારા GST કાયદાની કલમ 16(2)(સી) ની બંધારણીય કાયદેસરતા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવી હતી. ત્યારે ના.હાઈકોર્ટે કલમ 16(1)(સી)ની જોગવાઈ બંધારણીય હોવાનું તાજેતરમાં ઠરાવ્યું છે. ખેર! ના.ગુજરાત હાઈકોર્ટના મારૂતિ એન્ટરપ્રાઈઝ વિ.યુનિયન ઓફ ઈન્ડિયા- સ્પે.સી.એપ્લી.નં. 18080/-2023ના તા. 1-5-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**દલીલ...**

સપ્લાયર વેરો ચૂકવેલ ન હોય તો તે કારણસર ખરીદનારને ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ નામંજૂર કરી શકાય નહીં. આ માટે વેપારી તરફથી ના.દિલ્હી હાઈકોર્ટના ઓનકોરટ મરકેન્ડાઈઝીંગ ઈન્ડિયા પ્રા. લી.વી. ગર્વમેન્ટ ઓફ એનસીરી, દિલ્હી ના ચૂકાદા પર રાખવામાં આવ્યો, જે સામેની અપીલ ના.સુપ્રિમકોર્ટે નામંજૂર કરેલ. ના.હાઈકોર્ટે જણાવ્યું કે આ કેસમાં દિલ્હીના વેટ કાયદાની કલમ 9(2)(જી)ના અર્થઘટનના પ્રશ્ન સમાયેલ હતો, જે કલમમાં વેચનારે વેરો ન ચૂકવ્યો હોય તો ખરીદનારને ઈન્પૂટ ટેક્ષ ન આપવાની જોગવાઈ હતી.

**કાયદાની જોગવાઈ...**

ના.હાઈકોર્ટે GST કાયદાની કલમ 16(1) જોતાં તેમાં ધંધા દરમ્યાન કે ધંધાના વિકાસ માટે માલ કે સેવા પ્રાપ્ત કરવા પર કેટલીક શરતો અને અપવાદો સિવાય ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ મળવાપાત્ર છે, જે ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં જમા કરવામાં આવે છે અને ખરીદનાર આ જમ થયેલ ક્રેડિટ તેની વેરાકીય જવાબદારી સરભર કરવા ઉપયોગમાં લઈ શકે છે તો કલમ 41(2)માં થયેલ સુધારાને પગલે જો વેરો વેપારી જમા ન કરે તો લીધેલ ટેક્ષ ક્રેડિટ રિવર્સ કરવાની થાય પરંતુ પ્રોવિઝો મુજબ જો પછીથી વેચનાર દ્વારા વેરા જમા કરાવવામાં આવે તો પાછી ટેક્ષ ક્રેડિટ લેવાની જોગવાઈ છે.

**ખરીદનાર...**

ના.હાઈકોર્ટના મતે વેચનાર પાસે વેરાની બસૂલાત માટે કાયદાની કલમ 73 અને 74 હેઠળ અધિકારીને સત્તા છે એક વખત વેચનાર પાસેથી વેરાની વસૂલાત થાય એટલે નિયમ 37 એ હેઠળ ખરીદનારને ટેક્ષ ક્રેડિટ મળવાપાત્ર છે કાયદો કાયમ માટે ખરીદનારને વંચિત રાખતો નથી.

ITC એ કોઈ બંધારણીય પ્રાપ્ત થયેલ અધિકાર નથી પરંત કાયદા દ્વારા શરતો અને નિમંત્રણને આધિન અપાયેલ એક રાહત છે. જ્યારે કાયદાઓમાં ITC રિવર્સ કરીને પાછા મેળવવાની જોગવાઈ છે ત્યારે તેને બેવડો વેરો ભરવાની જોગવાઈ ગણીને ગેરકાયદેસર ઠરાવી શકાય નહીં. જો વેચનાર વેરો ઉઘરાવ્યા પછી જમા ન કરાવે તો ખરીદનાર તેની વિરૂધ્ધ કાયદેસર પગલા લઈ શકે છે.

**અન્ય ચૂકાદા અસ્વીકાર્ય...**

GST કાયદાની કલમ 16(2)(સી)ને વેટ કાયદાની જોગવાઈ સાથે સરખાવી શકાય નહીં. ના. ત્રિપુરા હાઈકોર્ટના શાહિલ એન્ટરપ્રાઈઝના ચૂકાદા સામે ના.હાઈકોર્ટે સંમત થયેલ નથી. ના.હાઈકોર્ટના મતે ના.ત્રિપુરા હાઈકોર્ટે GST કાયદાની કલમ 41,53 તથા કલમ 155 અને નિયમ 37એ ધ્યાને લીધેલ નથી. આમ ખરીદનારને ITC ત્યારે જ મળે, જયારે સપ્લાયરે વેરો સરકારી તિજોરીમાં જમા કરાવેલ હોય.

**સલાહ...**

કલમ 16(2)(સી)ને કાયદેસરની જોગવાઈ કરાવવાની સાથે, ન.હાઈકોર્ટે એ બાબતનો સ્વીકાર કર્યો છે કે હવે સમય આવી ગયો છે કે સરકાર ખરીદનારાઓ જેઓ જટીલ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેનું વ્યાપક પુનઃ મૂલ્યાંકન કરે. હવે કાનૂની સુધારા કે સ્પષ્ટીકરણ કરવાની તાત્કાલીક જરૂરિયાત છે ખાસ કરીને એવી વ્યકિતઓ કે તેમને ITCનો દાવો સાચો અને પ્રમાણીક છે. સરકારે ટેકનોલોજી આધારીત ટ્રેકીંગ મીકેનીઝમ અમલમાં મૂકવી જોઈએ કે જેથી સપ્લાયર દ્વારા ચોક્કસ ઈન્વોઈસ સામે કરવામાં આવેલ ચૂકવણીનો રિયલ ટાઈમ ચકાસણી શકય બને અને નિષ્ઠાવાન ખરીદનારાઓને તેમના સપ્લાયરની ચૂકથી સુરક્ષિત રાખી શકાય. તો સાથો સાથ ભૂલ કરનાર સપ્લાયરો પાસેથી વેરાની વસૂલાત માટે તાત્કાલિક અને ઝડપી પગલાં લેવાવા જોઈએ.

## NSEએ ડેરિવેટિવ્ઝ માર્કેટનો સમય 10 મિનિટ વધાર્યો

મુંબઈ, તા. ૩૦. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ ઈક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ માટે ટ્રેડિંગના સમયમાં 10 મિનિટનો વધારો કરવાની જાહેરાત કરી છે. હવે સામાન્ય બજાર બંધ થવાનો સમય બપોરે 3:30 ને બદલે 3:40 વાગ્યાનો રહેશે. આ નવો નિયમ 3 ઓગસ્ટ, 2026 થી અમલમાં આવશે. જોકે, પ્રી-ઓપન સત્ર અગાઉની જેમ સવારે 9:00 વાગ્યે શરૂ થશે અને સામાન્ય બજાર સવારે 9:15 વાગ્યે જ ખુલશે. ટ્રેડ મોડિફિકેશન વિન્ડો પણ સાંજે 4:15 વાગ્યા સુધી યથાવત રહેશે.

બંધ ભાવોની ગણતરી માટેની પદ્ધતિ સમાન રહેશે, પરંતુ હવે છેલ્લા અડધા કલાકનો સમયગાળો બપોરે 3:10 થી 3:40 વાગ્યાનો ગણાશે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# ચમક ગુમાવતું સોનું: આયાત ડ્યુટી વધતાં માંગમાં 70%નો મોટો કડાકો

**મોંઘવારી,** ટેક્સનો બોજ અને બદલાતા પ્રવાહો વચ્ચે ઝવેરીઓ ચિંતિત

મુંબઈ, તા. ૩૦. સરકારે 13 મેથી સોના પરની આયાત ડ્યુટી 6% થી વધારીને 15% કરતાં જ સોનાની સ્થાનિક માંગ તળિયે બેસી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના જણાવ્યા અનુસાર, નવી ડ્યુટીના કારણે માંગમાં આશરે 70% નો આંચકાજનક ઘટાડો નોંધાયો છે. 27 મેના રોજ પૂરા થયેલા પખવાડિયામાં સોનાની માંગ ગત વર્ષના 25 ટનથી ઘટીને માત્ર 7.5 ટન રહી ગઈ છે. આ ફેરફારથી દેશના 65% અસંગઠિત સોનાના વેપારને સૌથી મોટો ફટકો પડ્યો છે. ડ્યુટી વધારા બાદ GST સહિત સોના પરનો કુલ કર બોજ 9.18% થી સીધો વધીને 18.45% થઈ ગયો છે. રૂપિયાની નબળાઈ, ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને વૈશ્વિક તણાવને નિયંત્રિત કરવા સરકારે આ પગલું ભર્યું છે.

માંગ ઘટવા પાછળ માત્ર ટેક્સ જ નહીં, પરંતુ અન્ય અનેક પરિબળો પણ જવાબદાર છે:

**મોંઘવારીની અસરો:** ઈંધણ અને ખાદ્ય ચીજોના ઊંચા ભાવને કારણે ગ્રાહકોની ખરીદશક્તિ ઘટી છે.

**વડાપ્રધાનની અપીલ:** પીએમ દ્વારા એક વર્ષ માટે સોનાથી દૂર રહેવાની અપીલની ગ્રાહકોના માનસ પર મોટી અસર થઈ છે.

**ધાર્મિક પરિબળ:** હાલમાં ચાલી રહેલા અધિક માસના કારણે લોકો કિંમતી વસ્તુઓની ખરીદી ટાળી રહ્યા છે. પરંપરાગત રીતે દેશના સૌથી મોટા ગ્રાહક ગણાતા દક્ષિણ ભારતમાં પણ હાલ વેપાર નબળો છે. ભીમ જ્વેલરીના ચેરમેન બી ગોવિંદનના મતે, ગ્રાહકો હવે પોતાનું બજેટ વધારવાને બદલે હળવા અને ઓછા કેરેટના દાગીના પસંદ કરી રહ્યા છે. એટલું જ નહીં, બજારમાં જૂનું સોનું વેચીને રોકડ મેળવવાનો નવો ટ્રેન્ડ પણ શરૂ થયો છે.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૨૧૯૦ |
| તેજાબી સોનું | ૧૬૨૧૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૦૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૮૯૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૨૧૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૧૧૫૦ |
| ચાંદી સિક્કા | ૨૭૨૬૫૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**તેલ બજાર સુરત** ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |